100 COPY

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To,

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૫ - અંક: ૩૫ એપ્રિલ-મે-૨૦૧૪ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં વર્ષ– ૨૦૧૩–૧૪ દરમ્યાન યોજાયેલા કાર્યક્રમો અને થયેલી પ્રવૃતિઓની તસ્વીરી ઝલક



કોલેજનો પ્રથમ દિવસ (તા. ૨૧-૬-૨૦૧૩)




ફાઉન્ડેશન ડે ની ઉજવણી (તા. ૧-૭-૨૦૧૩)




''લલિતા ઘોડાદ્રા'' ની સાથે - ફાઉન્ડેશન ડે



કાવ્યપર્વ (ફાઉન્ડેશન - ડે )



કાવ્યપર્વ (ફાઉન્ડેશન - ડે )



વાર્ષિકોત્સવ - પુસ્તકવિમોચન

સત્ય એક જ છે, અનેક નથી. સત્યને માટે બુધ્ધિશાળી માણસો વિવાદ કરતાં નથી.




વાર્ષિકોત્સવ વિદ્યાર્થી કાર્યક્રમ



વાર્ષિકોત્સવ વિદ્યાર્થી કાર્યક્રમ



વાર્ષિકોત્સવ ચાર્ટ પ્રદર્શન



સ્વાતંત્ર્યપર્વની ભવ્ય ઉજવણી



શિક્ષકદિનની ઉજવણી



શિક્ષકદિનની ઉજવણી



ટેલેન્ટ ડે ની ઉજવણી



યુવક મહોત્સવમાં ભાગીદારી

તમારી અંદર સત્યનો પ્રકાશ ઝળહળતો રાખો, ભય કદી તમારી અંદર પ્રવેશશે નહી.



નવરાત્રી મહોત્સવની ઉજવણી



મૃત વિદ્યાર્થીનીની માતાને ચેક અર્પણ




સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિતે નાટક



યુ.જી.સી. ડાયમંડ જ્યુબેલી



''પડકાર કાર્યક્રમ'' ડિસેમ્બર-૧૩




''પડકાર કાર્યક્રમ'' ડિસેમ્બર-૧૩



હું છું જ્યોર્તિધર



ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ફેબ્રુઆરી-૨૦૧૪

અસત્યથી લાભ થાય તો પણ સત્યનો અનાદર ન કરો.



પર્યાવરણ પ્રદર્શન



એન.એસ.એસ. બ્લડ ડોનેશન કેમ્પ




વિદ્યાર્થી વિકાસ કાર્યક્રમ



વિદ્યાર્થી સેમિનાર



પડકાર કાર્યક્રમ - ફેબ્રુઆરી - ૨૦૧૪



પડકાર કાર્યક્રમ - ફેબ્રુઆરી - ૨૦૧૪




પ્રજાસત્તાક દિનની ઉજવણી




સી.સી.ડી.સી./ઉદીશા કાર્યક્રમ



પોઝિટીવ થિંકિંગ શિબિર



અંગ્રેજી વિભાગ પેરેન્ટ્સ મિટીંગ



અર્થશાસ્ત્ર વિભાગ પેરેન્ટ્સ મિટીંગ




પુસ્તક પ્રદર્શન



સંસ્કૃત સ્ટડી સર્કલ



સંસ્કૃત વિભાગ પેરેન્ટ્સ મિટીંગ



ગુજરાતી વિભાગ સ્ટડી સર્કલ



ગુજરાતી વિભાગ પુસ્તક પ્રદર્શ

મનને સત્યથી ભરેલું રાખવું એ અસત્ય ને દૂર રાખવાનો માર્ગ છે.



સમાજશાસ્ત્ર વિભાગ પેરેન્ટ્સ મિટીંગ




સમાજશાસ્ત્ર વિભાગ એક્ષ્પર્ટ લેક્ચરર



માનસશાસ્ત્ર વિભાગ પુસ્તક પ્રદર્શન



સી.સી.ડી.સી. કાર્યક્રમ



ગુજરાતી માધ્યમ કોમર્સ વિભાગ સ્ટડી સર્કલ



હિન્દી દિવસની ઉજવણી



''સ્પીક મેકે કાર્યક્રમ''



હોમસાયન્સ વિભાગ પેરેન્ટ્સ મિટીંગ

અસત્યને વળગી રહેશો તો ઈશ્વરની પ્રાપ્તિ થશે.



''વિશ્વાસ એકેડેમી'' - સી.સી.ડી.સી. કાર્યક્રમ



'જોબ ફેઅર' કાર્યક્રમ

## (૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં Power of Positive Thinking શિબિરનું તથા 'હું છું જ્યોતિર્ધર' કાર્યક્રમનું આયોજન :-

ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજમાં મંગલમય અને પવિત્ર વાતાવરણનું વિશેષ સર્જન થઇ શકે તે હેતુથી તા. ૧૧-૪-૧૪ થી તા. ૦૩-૫-૧૪ દરમ્યાન 'Power of Positive Thinking' શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 'મહિલા કોલેજ' ના સૌ પ્રાધ્યાપક મિત્રો જોડાયા હતા. આ શિબિરમાં દરરોજ યોગા, પ્રાણાયામ, ધ્યાન તથા સામુહિક પ્રાર્થનાનું આયોજન કરાયું હતું તથા દરરોજ બે-ત્રણ પ્રાધ્યાપકો દ્વારા Positive Thinking ના અનુસંધાને પોતાના અભિપ્રાયોની રજુઆત કરવામાં આવી.

આ શિબિરના અનુસંધાને જ તા. ૧૯-૪-૨૦૧૪ ના રોજ 'શ્રી સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય' તથા જ્ઞાનધામ નવસારી અને 'ઓએસિસ' (N.G.O.) સાથે સંકળાયેલા શ્રી અતુલભાઈ ઉનાગરના એક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી અતુલભાઇએ 'ઓએસિસ' દ્વારા ચલાવાઈ રહેલ અભિયાન 'હું છું જ્યોતિર્ધર' અંગેની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ''આ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતભરમાંથી ૧૦,૦૦૦ શિક્ષકોને પોતાના સ્વધર્મ પ્રત્યે જાગૃત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને તેમાં કોઈપણ શિક્ષકો કે પ્રાધ્યાપકો સ્વેચ્છાએ જોડાઈ શકે છે.''

## (૨) પોરબંદર જિલ્લામાં સૌ પ્રથમ ડૉ. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ ખાતે 'ઈન્ર્ટનલ કમ્પ્લેઈન્ટ્સ કમિટિ' ની રચના :-

પોરબંદર ખાતેના ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા શૈક્ષણિક સંકુલમાં, સમગ્ર પોરબંદર જિલ્લામાં સૌ પ્રથમ, ભારત સરકાર દ્વારા, સમગ્ર ભારત વર્ષમાં લાગુ કરાયેલ 'Sexual Harassment of women at workplace Act, 2013' અંતર્ગત સમગ્ર શૈક્ષણિક સંકુલના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં લઇને ઈન્ટર્નલ કમ્પ્લેઈન્ટ્સ કમિટિ Internal Complaints Committee ની રચના કરવામાં આવી. (તા. ૫-૪-૨૦૧૪ ના રોજ) આવી છે. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત તમામ વિભાગના વડાની નિમણૂંક કરવામાં આવી છે. આ કમિટિના અધ્યક્ષ તરીકે ડૉ. રેખાબહેન મોઢા તથા સેક્રેટરી તરીકે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના વાઇસ પ્રિન્સીપાલશ્રી કગથરા સાહેબની નિમણૂંક કરવામાં આવી છે.

## ૩) ટીચર્સ કોર્નર :-

### ''લાયકાત''

લાગવગ લાયકાત નહી આપે
નિષ્ઠા અને પુરૂષાર્થ ન આપણી
લાયકાતની વૃદ્ધિ કરે છે. -શ્રી કગથરા સાહેબ

### ''જીવન''

જીવન કઠિન છે, જીવન મુશ્કેલ છે.
જીવન સમસ્યાઓથી છલોછલ ભરેલું છે.
જીવન જીવવાના કોઈ ટુંકા માર્ગો નથી.
જીવન અત્યંત રહસ્યમય પણ છે.
પણ આ બધા કારણોસર જ
જીવન ખરેખર ભવ્ય છે.

- શ્રી ભાસ્કરભાઈ જાની

## (૪) વર્ષગાંઠ અભિનંદન :-

પ્રસ્તુત અંકમાં જુન-૨૦૧૪ તથા જુલાઈ-૨૦૧૪ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને સૌ પ્રથમ વખત વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતા 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

તો આ રહ્યા ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ પરિવારના એ મોભીઓ અને સભ્યો કે જેમની વર્ષગાંઠ જુન/જુલાઈ-૨૦૧૪ માં આવી રહી છે.

જુન-૨૦૧૪

૧) તા. ૧ જુન - પ્રા. ભરતસિંહ ડોડીયા
૨) તા. ૧૫ જુન - લાઈબ્રેરીયન શ્રી ભાસ્કરભાઈ જાની
૩) તા. ૦૯ જુન - શ્રી યોગેશભાઈ જોષી
૪) તા. ૧૦ જુન - શ્રી સુરેશભાઇ ગોરસિયા
૫) તા. ૧ જુન - શ્રી વાનાભાઈ પરમાર
૬) તા. ૦૮ જુન - પ્રા. રિદ્ધિબહેન ગોટેચા
૭) તા. ૦૧ જુન - શ્રી કાનાભાઈ કોડીયાતર

જુલાઈ-૨૦૧૪

૧) તા. ૨૪ જુલાઈ - આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઓડેદરા
૨) તા. ૨૨ જુલાઈ - આદરણીય ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા
૩) તા. ૧૮ જુલાઈ - પ્રા. સુલભાબહેન દેવપુરકર
૪) તા. ૦૫ જુલાઈ - પ્રા. નાથીબહેન રાજશાખા
૫) તા. ૨૦ જુલાઈ - પ્રા. મુકુલભાઈ ગોકુલગાંધી
૬) તા. ૧૯ જુલાઈ - પ્રા. શૈલેષભાઇ મહેતા

## ૫) પ્રિન્સીપાલશ્રીની કલમે :-

**REVEL**

Cipher play though man performer was
And play was the stage that man made
To frolic, personate and represent
All apprehend all is play
Flawless delusion
Vision's imposture and vision's wile.

The conjuror comprehends all
recognition
And still knowingly all deluded are
Counterfeit made genuine for hours few
Though a few may turn abundant
If ascertained they are deluded indeed
Between investigation and indentification

Gazing and beholding things insignificant
Voices unimportant
Begins to work a charm
This intelligence with judgment ours
Some agitation, misgiving, mistrust
In quest of reason's surprise...
**- Dr. Nagar sir**

## ૬) તંત્રી સ્થાનેથી :-

વૈશાખી પૂર્ણિમાનો દિવસ ભારતના ધાર્મિક ઈતિહાસમાં અતિ મહત્વનો દિવસ છે. તે દિવસે ગૌતમનો જન્મ થયો હતો. તેણે સાંસારિક દુઃખ નિવારણનો માર્ગ શોધી કાઢવા સંસારનો ત્યાગ કરી 'ગયા'માં આવ્યાં અને બોધિસત્વ વૃક્ષ નીચે બેસી ધ્યાનસ્થ થયા. તેમને જ્ઞાન થયુ. તે બુધ્ધ થયા અને બૌધ્યધર્મના પ્રચાર માટે સંઘ સ્થાપ્યો અને તેમણે અવતારી કાર્ય કર્યુ. લોકો સમજે તે ભાષામાં તેણે નૈતિકમૂલ્યોની સમજ આપી.

તેઓ કહેતા, 'પવિત્રતા, સત્યતા, વૈરાગ્ય અને જ્ઞાન-એની પ્રાપ્તિ માટેના મારા પ્રયાસ છે. પવિત્રતા અને અપવિત્રતા વચ્ચેનો ભેદ સમજવો તે ડહાપણની વાત છે. તેમણે બધા જ મનુષ્યોની સમતા જાહેર કરી. કોઈ પણ મનુષ્ય જે સત્યમાર્ગે ચાલે તે નિર્વાણનો અધિકારી છે. એવો ઉદારમત તેમણે સમાજમાં પ્રચલિત કર્યો. પ્રત્યેક જીવ દિવ્ય બનવો જ જોઈએ. પણ તે ન થઈ શકે તો નીતિમાન થવો જ જોઈએ. એટલું જ નહિ, પરંતે તેમણે ઉપનિષદના શાંતિ સ્વચ્છતા અને પ્રમના વિચારોને સમાજમાં વહેતા કર્યા છે. આવા અવતારી ભગવાન બુધ્ધની પુણ્યસ્મૃતિમાં વૈશાખી પૂર્ણિમા તેમનો જન્મદિવસ બૌદ્ધપૂર્ણિમા તરીકે મનાવવામાં આવે છે તેમજ તેનો ઉત્સવ ઉમંગભેર ઉજવાય છે.

૧) ડૉ. રેખાબહેન મોઢા ૩) શ્રી કલ્પનાબહેન જોષી ૫) શ્રી સુરેશભાઈ ગોરસિયા
૨) પ્રા. વર્ષાબહેન જોષી ૪) પ્રા. ઋષિભાઈ પંડયા